SBS
Media Release
5 October 2021




# SBS રેડિયો અને ભાષાકીય સેવાઓની આગામી વ્યૂહરચના  નક્કી કરવા SBSએ સમુદાય પાસેથી અભિપ્રાય માંગ્યા

આધુનિક ઓસ્ટ્રેલિયાની જરૂરિયાતોને પૂરી કરવાની પોતાની કટિબદ્ધતા અંતર્ગત SBSએ પોતાના રેડિયો દ્વારા પ્રસ્તુત થતી ભાષાકીય સેવાઓની આજથી સમીક્ષા શરૂ કરી છે. આજથી, SBS સાર્વજનિક સંવાદનું સ્વાગત કરે છે. શ્રોતાઓ ભાષાકીય સેવાઓની સમીક્ષાના તમામ માપદંડો અંગે પોતાનો અભિપ્રાય આપી શકે છે.

SBS દર પાંચ વર્ષે, રાષ્ટ્રીય વસ્તીગણતરીની સાથે પોતાની ભાષાકીય સેવાઓની સમીક્ષા કરે છે. જેથી, ઓસ્ટ્રેલિયાની ઝડપથી બદલાઇ રહેલી જનસંખ્યાનું યોગ્ય પ્રતિનિધીત્વ કરી શકે. સમીક્ષાના માપદંડોને વર્ષ 2021ની વસ્તીગણતરીના આંકડાઓ સાથે જોડવામાં આવશે અને આગામી પાંચ વર્ષમાં કઇ ભાષાઓની સેવા આપવી તે નક્કી કરાશે.

ભાષાકીય સેવાઓની સમીક્ષામાં રેડિયો, SBS On Demand, પોડકાસ્ટિંગ અને અન્ય ડિજીટલ પ્લેટફોર્મ્સ દ્વારા પ્રસ્તુત કરવામાં આવતી SBSની ઓડિયો અને ભાષાકીય સેવાઓ સામેલ છે.

આજથી, આગામી 6 અઠવાડિયા એટલે કે, 12 નવેમ્બર 2021 સુધી સાર્વજનિક સંવાદ યોજાશે. જે અંતર્ગત, સમુદાયો પાસે SBSની રેડિયો સેવા અને સંસ્થાની ઓડિયો અને ભાષાકીય સેવાઓનું ભવિષ્ય નક્કી કરવા માટે મહત્વપૂર્ણ તક રહેલી છે.  સમુદાય દ્વારા આપવામાં આવેલા પ્રતિસાદને વ્યૂહરચના  ઘડવા માટે ઉપયોગમાં લેવાશે.

SBSની ઓડિયો અને ભાષાકીય સામગ્રીના ડાયરેક્ટર, ડેવિડ હુઆના જણાવ્યા પ્રમાણે, "SBS પાસે પોતાની વિવિધ ભાષાકીય સેવાઓના માધ્યમથી ઓસ્ટ્રેલિયાના બહુસાંસ્કૃતિક સમુદાયો સુધી પહોંચવાની વિશેષ ક્ષમતા છે. 45થી પણ વધુ વર્ષોથી, અમે વિવિધ સમુદાયો સુધી પહોંચવા માટે નવા અને અર્થપૂર્ણ રસ્તા અપનાવી રહ્યા છીએ, અને વર્તમાન સમયમાં અમે રેડિયો, ઓનલાઇન, પોડકાસ્ટ તથા એપ્સના

માધ્યમથી 60થી વધુ ભાષાઓમાં સેવા ઉપલબ્ધ કરાવીએ છીએ. SBS 50 વર્ષ તરફ પ્રયાણ કરી રહ્યું છે ત્યારે સમીક્ષા તેની આગામી વ્યૂહરચના માટે મદદગાર સાબિત થશે."

"કોવિડ-19 મહામારીના સમયમાં SBSની વિવિધ ભાષાકીય સેવાઓની ભૂમિકા મહત્વપૂર્ણ સાબિત થઇ રહી છે. આ સમયગાળા દરમિયાન બહુસાંસ્કૃતિક સમુદાયોને તેમની પસંદગીની ભાષામાં મહત્વપૂર્ણ જાણકારી તથા આરોગ્યલક્ષી માહિતી પ્રદાન કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાના સમુદાયોની જરૂરિયાતોને અમે પૂરી કરી શકીએ તે માટે ભાષાકીય સેવાઓની સમીક્ષા મહત્વપૂર્ણ તક સમાન છે."

"ભાષાકીય સેવાઓમાં નિયમિત રીતે ફેરફાર કરવાથી SBS મોટા સમુદાયો અને બહુસાંસ્કૃતિક તથા ભાષાકીય વિવિધતા ધરાવતા સમાજને વધુ યોગ્ય રીતે સેવાઓ ઉપલબ્ધ કરાવી શકે છે. આ ઉપરાંત, ઓસ્ટ્રેલિયામાં જનસંખ્યામાં ઉભરતા સમુદાય અને પોતાની ભાષામાં માહિતી મેળવવાની જરૂરીયાત ધરાવતા સમુદાયોને પણ સેવા પૂરી પાડી શકે છે. આ સમગ્ર પ્રક્રિયામાં અમારા શ્રોતાઓના અભિપ્રાય જાણવા જરૂરી છે. અને, તેથી જ અમે ઓસ્ટ્રેલિયાના સમુદાયોને તેમના પ્રતિસાદ આપવા પ્રોત્સાહિત કરીએ છીએ."

પસંદગીના માપદંડો મે 2022 સુધીમાં નક્કી કરવામાં આવશે અને SBSની ભાષાકીય સેવાઓમાં સુધારા વર્ષ 2022ના અંતમાં  અગાઉ લાગૂ કરવામાં આવશે.

પસંદગીના માપદંડો પર સાર્વજનિક સંવાદ 5મી ઓક્ટોબરથી 12મી નવેમ્બર 2021 સુધી કરવામાં આવશે. પસંદગીના માપદંડોની રૂપરેખા વિશે માહિતી મેળવવા તથા તમારો પ્રતિસાદ આપવા માટે sbs.com.au/consultation ની મુલાકાત લો.
સમાપ્ત

વધુ જાણકારી તથા ઇન્ટરવ્યુની વિનંતી માટે સંપર્ક કરો:

Kate Warnock | kate.warnock@sbs.com.au | 0419 316 135